# Orientation/Induction Programme 2026-27

Managed by Arya Kanya Vidyalaya Trust

## Gurukul Mahila Arts and Commerce College

At & Post : Tapobhumi, Arya Kanya Gurukul Campus, Jubilee, Bokhira Vistaar, PORBANDAR– 360579 GUJ INDIA

Re-Accredited 'B++' (CGPA 2.99) by NAAC

Phone : +91 286 2245561|+91 9374129126

**સૂચના**

તારીખ: 09/06/2026

કોલેજના નવા શૈક્ષણિક સત્રના સુચારુ પ્રારંભ તથા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસના હેતુસર તા. **15/06/2026 થી 20/06/2026** દરમિયાન (રવિવાર સિવાય) **પ્રથમ વર્ષના નવા પ્રવેશિત વિદ્યાર્થીઓ તેમજ દ્વિતીય અને તૃતીય વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન/ઇન્ડક્શન કાર્યક્રમ** યોજવામાં આવશે.

આથી તમામ વિભાગાધ્યક્ષશ્રીઓ તથા સંબંધિત અધ્યાપકશ્રીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાના વિભાગ તથા વિષયનો પરિચય આપી વિદ્યાર્થીઓને અભ્યાસક્રમ, શૈક્ષણિક પ્રવૃત્તિઓ, સંશોધન, કારકિર્દી તકો, NSS, NCC, સમધારા, રમતગમત, સાંસ્કૃતિક તથા અન્ય સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ અંગે માહિતગાર કરે.

**દૈનિક કાર્યક્રમ**

| સમય | કાર્યક્રમ |
|---|---|
| 07:40 થી 08:00 | પ્રાર્થના |
| 08:00 થી 08:30 | યોગાભ્યાસ |
| 08:30 થી 9.00 | ઓરિએન્ટેશન / ઇન્ડક્શન કાર્યક્રમ |

**ઓરિએન્ટેશન / ઇન્ડક્શન કાર્યક્રમ સમયપત્રક**

*(દરેક અધ્યાપકશ્રીને અંદાજે 10 મિનિટનો સમય ફાળવવામાં આવેલ છે.)*

| તારીખ | સમય | વિભાગ | અધ્યાપકશ્રી |
|---|---|---|---|
| 15/06/2026 (સોમવાર) | 08:30 – 08:40 | સંસ્કૃત | શ્રી શુભમ સામાણી |
| | 08:40 – 08:50 | અંગ્રેજી | ડૉ. કેતકી પંડ્યા |
| | 08:50 – 09:00 | અંગ્રેજી | ડૉ. નયન ટાંક |
| 16/06/2026 (મંગળવાર) | 08:30 – 08:40 | અંગ્રેજી | ડૉ. અરફાત સૈયદ |
| | 08:40 – 08:50 | હિન્દી | ડૉ. શાંતિ મોઢવાડિયા |
| | 08:50 – 09:00 | હિન્દી | ડૉ. રાજેન્દ્ર ચૌધરી |
| 17/06/2026 (બુધવાર) | 08:30 – 08:40 | હિન્દી | શ્રી. કિરણ ઓડેદરા |
| | 08:40 – 08:50 | ગુજરાતી | ડૉ. શર્મિષ્ઠા પટેલ |
| | 08:50 – 09:00 | ગુજરાતી | ડૉ. ભાર્ગવ ભટ્ટ |
| 18/06/2026 (ગુરુવાર) | 08:30 – 08:40 | ગૃહવિજ્ઞાન | પ્રો. રોહિણીબા જાડેજા |
| | 08:40 – 08:50 | ગૃહવિજ્ઞાન | પ્રો. શોભના વાળા |

| તારીખ | સમય | વિભાગ | અધ્યાપકશ્રી |
|---|---|---|---|
| | 08:50 – 09:00 | ગૃહવિજ્ઞાન | ડૉ. નમ્રતા સામાણી |
| 19/06/2026 (શુક્રવાર) | 08:30 – 08:40 | વાણિજ્ય (ગુજરાતી માધ્યમ) | ડૉ. ભરતસિંહ ડોડિયા |
| | 08:40 – 08:50 | વાણિજ્ય (અંગ્રેજી માધ્યમ) | શ્રી. નિમિષા પંડિત |
| 20/06/2026 (શનિવાર) | 08:30 – 08:40 | અર્થશાસ્ત્ર | ડૉ. ઇલુ ગમિત |
| | 08:40 – 08:50 | અર્થશાસ્ત્ર | શ્રી નિલેશ કારાવદરા |
| 22/06/2026 (સોમવાર) | 08:30 – 08:40 | NSS / NCC પરિચય | ડૉ. રાજેન્દ્ર ચૌધરી<br>ડૉ. શર્મિષ્ઠા પટેલ |
| | 08:40 – 08:50 | સમધારા, | ડૉ. નયન ટાંક |
| | 08:50 – 09:00 | પ્રશ્નોત્તરી, માર્ગદર્શન અને સમાપન | આચાર્યશ્રી |

તમામ વિભાગાધ્યક્ષશ્રીઓ તથા અધ્યાપકશ્રીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ નિર્ધારિત સમય અનુસાર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પોતાના વિભાગની વિશેષતાઓ, અભ્યાસની પદ્ધતિ, કારકિર્દી સંભાવનાઓ તથા કોલેજની વિવિધ પ્રવૃત્તિઓ અંગે ઉપયોગી માર્ગદર્શન આપે અને કાર્યક્રમને સફળ બનાવવામાં સહકાર આપે.

ARS Nagar

**આચાર્યશ્રી**

ARS Nagar
PRINCIPAL
Gurukul Mahila Arts & Commerce College
PORBANDAR

Gurukul Mahila Arts & Commerce College
PORBANDAR









# Press-note

**Week-long Induction Programme Successfully Concludes at Gurukul Mahila Arts and Commerce College**

Gurukul Mahila Arts and Commerce College, an institution that has been dedicated to women's education for over five decades, successfully organised a week-long College Induction Programme under the guidance and inspiration of Principal Dr. Anupam Nagar.

The primary objective of the Programme was to help newly admitted students make a smooth, comfortable, and stress-free transition from the school environment to higher education. The Programme was also designed to familiarise students with the college environment, its values, traditions, and ethical principles, while enabling them to establish meaningful relationships with their classmates and faculty members, thereby promoting their holistic personality development.

As part of the Programme, faculty members from the Departments of Sanskrit, English, Gujarati, Hindi, Home Science, Economics, and Commerce introduced students to the scope and significance of their respective subjects. They also provided detailed information about the departmental Study Circles, academic activities, and various Short-Term Courses offered by the college.

Students were further introduced to the college's Saptdhara activities, as well as the NSS and NCC units. They were encouraged to actively participate in these academic, co-curricular, and extension activities to enhance their leadership qualities, personality development, and career prospects. Senior students were also encouraged to become more proactive and serve as role models for the newly admitted students.

The week-long Programme was coordinated by CDC Coordinator Dr. Nayan Tank. Vice Principal Prof. Rohiniba Jadeja and all faculty members extended their wholehearted support and guidance, contributing significantly to the successful organisation of the Programme.

PRINCIPAL
Gurukul Mahila Arts & Commerce College
PORBANDAR

# ગુરુકુલ મહિલા કોલેજમાં સપ્તાહભરનો ઈન્ડક્શન કાર્યક્રમ સંપન્ન

## નવી વિદ્યાર્થીનીઓને ઉચ્ચ શિક્ષણના વાતાવરણ સાથે પરિચિત કરાવવા વિવિધ શૈક્ષણિક અને કારકિર્દીલક્ષી માહિતી અપાઈ



**પોરબંદર@ખબર**

કન્યા કેળવણી ક્ષેત્રે પાંચ દાયકાથી વધુ સમયથી કાર્યરત પોરબંદરની ગુરુકુલ મહિલા કોલેજ ખાતે નવી પ્રવેશિત વિદ્યાર્થીનીઓ માટે સપ્તાહભરનો ઈન્ડક્શન (પ્રવેશ પરિચય) કાર્યક્રમ યોજાયો હતો.

પ્રિન્સિપાલ ડો. અનુપમ નાગરના માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ યોજાયેલા આ કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીનીઓને શાળાના વાતાવરણમાંથી ઉચ્ચ શિક્ષણના નવા માહોલમાં સરળ, સુગમ અને તણાવમુક્ત રીતે અનુકૂલન સાધવામાં મદદરૂપ થવાનો હતો. કાર્યક્રમ દરમિયાન નવી વિદ્યાર્થીનીઓને સંસ્થાના વાતાવરણ, મૂલ્યો, નૈતિકતાઓ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓથી માહિતગાર કરવામાં આવી હતી. સાથે જ તેમને સહાધ્યાયીઓ અને અધ્યાપકો સાથે અર્થપૂર્ણ સંબંધો સ્થાપિત કરવામાં સરળતા રહે તેમજ તેમના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળે તે માટે વિવિધ માર્ગદર્શન સત્રોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે કોલેજના સંસ્કૃત, અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, હોમ સાયન્સ, ઈકોનોમિક્સ અને કોમર્સ વિભાગના અધ્યાપકોએ પોતાના વિષયની વિશેષતા, મહત્વ, અભ્યાસ વર્તુળ, વિવિધ સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અને શોર્ટ ટર્મ કોર્સ અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

વિદ્યાર્થીનીઓને વિવિધ વિષયોમાં રહેલી કારકિર્દીની તકો વિશે પણ માહિતગાર કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન કોલેજમાં કાર્યરત સપ્તધારા, એન.એસ.એસ. અને એન.સી.સી. જેવી પ્રવૃત્તિઓ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

પ્રથમ વર્ષની વિદ્યાર્થીનીઓને વ્યક્તિત્વ વિકાસ, નેતૃત્વ કૌશલ્ય અને કારકિર્દી ઘડતર માટે આ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે જોડાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

આ ઉપરાંત સિનિયર વિદ્યાર્થીનીઓને વધુ કાર્યશીલ બની નવી વિદ્યાર્થીનીઓ માટે રોલ મોડલ બનવા અને તેમને માર્ગદર્શન પૂરું પાડવા અપીલ કરવામાં આવી હતી.સમગ્ર સપ્તાહીય કાર્યક્રમનું સંચાલન સી.ડી.સી. કોલેજ કોઓર્ડિનેટર ડો. નયન ટાંક દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે વાઈસ પ્રિન્સિપાલ પ્રો. રોહિણીબા જાડેજા તથા કોલેજના તમામ અધ્યાપકોએ જહેમત ઉઠાવી હતી. ઈન્ડકશન કાર્યક્રમ નવી વિદ્યાર્થીનીઓ માટે ઉચ્ચ શિક્ષણના નવા પ્રવાસની સફળ શરૂઆત સાબિત થયો હતો અને તેમને શૈક્ષણિક તેમજ વ્યક્તિગત વિકાસ માટે પ્રેરણાદાયી માર્ગદ પાડ્યું હતું.

ARSNagar
PRINCIPAL
Gurukul Mahila Arts & Commerce College
PORBANDAR

Gurukul Mahila Arts & Commerce College PORBANDAR